ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૪/૧૩૦૧-૫૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા.૧૬/૦૮/૨૦૨૪

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- વધ-ઘટ અને જિલ્લા આંતરિક બદલી કેમ્પોનું આયોજન કરવા બાબત.

સંદર્ભઃ- 1. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઈ/112012/621065/ક(પાર્ટ-1) તાઃ--11/05/23
2.શિક્ષણ વિભાગના પત્રક્રમાંકઃ-પીઆરઈ/112012/621065/ક(પાર્ટ-1),તા.05/07/23
3.શિક્ષણ વિભાગના પત્રક્રમાંકઃ-પીઆરઈ/112012/621065/ક(પાર્ટ-1),તા.08/08/24
4.શિક્ષણ વિભાગના પત્રક્રમાંકઃ-પીઆરઈ/122024/e-2693/ક,તા.14/08/24

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે,શિક્ષણ વિભાગના તાઃ-૧૧/૦૫/૨૦૨૩ના ઠરાવથી અને વખતો-વખતના સુધારા ઠરાવથી વિધાસહાયક/પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકના બદલી નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સંદર્ભદર્શિત પત્ર-૪ થી તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ મંજુર મહેકમ મુજબ બદલી કેમ્પનું આયોજન કરવા મંજુરી મળેલ છે.

જે અન્વયે ચાલુ વર્ષે આ કચેરીના તા.૧૨/૦૮/૨૦૨૪ ના કચેરી આદેશથી તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ મંજુર થયેલ મહેકમ અનુસાર આ સાથે સામેલ સમય પત્રક મુજબ આપના જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તક ફરજ બજાવતાં વિધાસહાયક/પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકના વધ-ઘટ અને જિલ્લા આંતરિક બદલી (ઓનલાઇન) કેમ્પનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત ૧ ના ઠરાવના પ્રકરણ-H ની જોગવાઇને ધ્યાને લઇ ચાલુ વર્ષે તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ મંજુર કરેલ મહેકમ કરતાં વધારાના ફરજ બજાવતા વિધાસહાયક/પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકને વધ ગણી વધ પડતા વિધાસહાયક/પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકના વધ-ઘટ કેમ્પમાં હુકમ કરવાના રહેશે.

તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ મંજુર મહેકમ મુજબ વિધાસહાયક/પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકને જિલ્લામાં સરભર કર્યા બાદ જે જિલ્લામાં શિક્ષકો વધ પડતા હોય તે શિક્ષકોની આ સાથે સામેલ નિયત નમુના મુજબના પત્રકમાં વિગતો તથા વધ-ઘટ કેમ્પની કાર્યવાહી પૂર્ણ થયા બાદ સંદર્ભદર્શિત ઠરાવના પ્રકરણ-H(૧૯) માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ પરિશિષ્ટ-૪ મુજબ વિભાગ/વિષયવાર ખાલી રહેતી જગ્યાની વિગતો તા.૨૪/૦૮/૨૦૨૪ સુધીમાં આ કચેરીને મોકલી આપવાની રહેશે.

વધ-ઘટ બદલી કેમ્પ

તા.૨૦/૦૮/૨૦૨૪ થી ૨૨/૦૮/૨૦૨૪

જિલ્લા આંતરીક બદલી કેમ્પ(ઓનલાઈન) – પ્રથમ તબક્કો

- તા.૨૪/૦૮/૨૦૨૪ થી ૨૯/૦૮/૨૦૨૪ (કેમ્પના આયોજનની પૂર્વ તૈયારી)
- તા.૦૧/૦૯/૨૦૨૪ થી ૨૨/૦૯/૨૦૨૪ (કેમ્પના આયોજનનો સમયગાળો)

જિલ્લા આંતરીક બદલી કેમ્પ(ઓનલાઈન) – બીજો તબક્કો

- તા.૨૪/૦૯/૨૦૨૪ થી ૨૭/૦૯/૨૦૨૪ (કેમ્પના આયોજનની પૂર્વ તૈયારી)
- તા.૨૮/૦૯/૨૦૨૪ થી ૧૪/૧૦/૨૦૨૪ (કેમ્પના આયોજનનો સમયગાળો)

<u>બદલી કેમ્પ સમયે ધ્યાને રાખવાની બાબતોઃ-</u>

1. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીએ **www.dpegujarat.in** ઉપર Default Password થી Login થવાનુ રહેશે તથા Password બદલીને ખાલી જગ્યાઓની એન્ટ્રી કરવાની રહેશે.
2. શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવની જોગવાઇ મુજબ ખાલી જગ્યાઓની આપની કક્ષાએથી ચકાસણી કર્યા બાદ જે તે વિભાગ/વિષયવાર ચોખ્ખી ખાલી જગ્યાઓ અપલોડ કરવાની રહેશે.

3. ખાલી જગ્યાઓ અપલોડ કરતી વખતે જિલ્લા વિભાજનમાં જે શિક્ષકો વિકલ્પ મુજબ શાળા ફાળવણીનો હુકમ કરેલ છે તેવા શિક્ષકો પૈકી છૂટા ન થયેલ હોય તે કિસ્સામાં શિક્ષકની હાલની શાળા ખાલી જગ્યા તરીકે દર્શાવવાની રહેશે અને જે શાળામાં ફાળવણી કરવામાં આવી છે. તે જગ્યા ભરાયેલી ગણવાની રહેશે.

4. જે પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની અગાઉ આંતરીક કે જિલ્લા ફેરબદલી થયેલ હોય અને મહેકમ ન જળવાતુ હોય તેવા કારણે છૂટા કરવામાં આવેલ ન હોય તો તેવા કિસ્સામાં મૂળ શાળાની જગ્યા ખાલી જગ્યા તરીકે દર્શાવવાની રહેશે અને બદલીની શાળામાં જગ્યા ભરેલી ગણવાની રહેશે.

5. આપના જિલ્લામાં કાર્યરત શાળાઓની વિગતો અનુસાર (શાળાના નામ, શાળાના ડાયસકોડ, પે-સેન્ટરના નામ અને પે-સેન્ટરના ડાયસકોડ)ની વિગતોની ચકાસણી કરી ઠરાવની જોગવાઇ મુજબ તા.૦૧/૦૯/૨૦૨૪ની સ્થિતિએ ચોખ્ખી ખાલી જગ્યાઓ ઓનલાઈન પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.

6. ઓનલાઇન પોર્ટલ પર જગ્યાઓ અપલોડ કર્યા બાદ કોઇ પણ સંજોગોમાં ખાલી જગ્યાનો પ્રકાર કે વિભાગ બદલી શકાશે નહી અને જગ્યા બદલવા અંગે કોઇ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીની રહેશે.

7. આપના દ્વારા ખોટી શાળા/ડાયસકોડ/ખાલી જગ્યાઓ અપલોડ કરવાને કારણે જે તે પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક દ્વારા શાળા પસંદગી કરી લીધા બાદ બદલી હુકમનો અમલ કરવા બાબતે જો કોઈ વહીવટી કે કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની રહેશે. .

8. શિક્ષણ વિભાગના સંદર્ભ-૧ ઠરાવના પ્રકરણ-G સામાન્ય સૂચનાઓના ક્રમ-૧૩ ની જોગવાઈ મુજબ કોઈ પણ પ્રકારની માંગણીની બદલીમાં ભાગ લેનાર પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક પુખ્ત ઉંમર અને પુરતી સમજણ ધરાવતાં હોય તથા અન્ય ઉમેદવારને અન્યાય થવાની સંભાવના હોઈ એકવાર ઓનલાઈન માંગણીની પસંદ કરેલ શાળાનો હુકમ કોઈ પણ સંજોગોમાં રદ થઈ શકશે નહી. જેથી ખરેખર આંતરિક બદલી કરાવવા ઈચ્છતા હોય તેવા પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકે સુચવેલ વેબસાઈટ પર ઓનલાઈન આંતરીક બદલીની અરજી કરવાની રહેશે.

9. જો કોઈ જિલ્લામાં કોઈ પણ જગ્યા માટે નામ.હાઈકોર્ટ દ્વારા વચગાળાના હુકમથી જે તે જગ્યા ખાલી રાખવા માટે હુકમ કરેલ હોય અને કેસનો આખરી ચુકાદો આવવાનો બાકી હોય તેવા કિસ્સામાં નામ.હાઈકોર્ટના આદેશાનુસાર કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જેથી નામ.હાઈકોર્ટની અવમાનનાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય.

નોંધ ઉપર નિયામકશ્રીના આદેશાનુસાર

બિડાણઃ- કેમ્પનું સમયપત્રક

નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ . . .

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજરશ્રી,ગુજરાત ઈન્ફો.પેટ્રો.લિ,બ્લોક નં ૧૫,બીજો માળ,ઉદ્યોગ ભવન સેકટર-૧૧,ગાંધીનગર

## વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક /ઉચ્ચ પ્રાથમિક શિક્ષક

## જિલ્લા આંતરિક(ઓનલાઈન) બદલી કેમ્પ કાર્યક્રમ -૨૦૨૪

Website: www.dpegujarat.in

| કેમ્પના આયોજનની પૂર્વ તૈયારીનું સમયપત્રક | | |
|---|---|---|
| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત |
| 1 | તાઃ- ૨૪/૦૮/૨૦૨૪ થી તાઃ-૨૭/૦૮/૨૦૨૪ | ખાલી જગ્યાઓની માહિતી ઓનલાઈન એન્ટર કરવાની કામગીરી (જિલ્લા કક્ષાએ) |
| 2 | તાઃ-૨૮/૦૮/૨૦૨૪ થી તાઃ-૨૯/૦૮/૨૦૨૪ | પોર્ટલમાં ખાલી જગ્યાઓનું વેરિફિકેશન કરી પોર્ટલનું ટેસ્ટિંગ માટેનો સમયગાળો (નિયામક કચેરી કક્ષાએ) |

| કેમ્પના આયોજન અંગેના પ્રથમ તબક્કાનું સમયપત્રક | | |
|---|---|---|
| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત |
| 1 | તાઃ-૦૧/૦૯/૨૦૨૪ થી તાઃ-૦૫/૦૯/૨૦૨૪ | શિક્ષક/વિદ્યાસહાયક દ્વારા આંતરિક બદલીઓ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી (ઉમેદવાર દ્વારા) |
| 2 | તાઃ- ૦૨/૦૯/૨૦૨૪ થી તાઃ૦૭/૦૯/૨૦૨૪ | તાલુકા દ્વારા અરજી ફોર્મ વેરિફિકેશન કરી અને માન્ય/અમાન્યના કારણો સહિત જિલ્લા કક્ષાએ રજુ કરવાની કામગીરી (તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી દ્વારા) |
| 3 | તાઃ-૦૪/૦૯/૨૦૨૪ થી તાઃ-૧૫/૦૯/૨૦૨૪ | જિલ્લા કક્ષાએ અરજીઓની ચકાસણી કરી એપ્રુવલ કે રીજેક્ટ કરી લેખિત કારણો સહિત અરજદારને જાણ કરવાની અને એપ્રુવલ અરજીઓ અપલોડ કરવાની કામગીરી (જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી દ્વારા) |
| 4 | તાઃ-૧૭/૦૯/૨૦૨૪ થી તાઃ-૧૮/૦૯/૨૦૨૪ | રાજય કક્ષાએ વેરિફિકેશનની કામગીરી (નિયામક કચેરી કક્ષાએ) |
| 5 | તાઃ-૨૦/૦૯/૨૦૨૪ થી તાઃ-૨૨/૦૯/૨૦૨૪ | ઓર્ડર ઇશ્યૂ કરવાની કામગીરી |

| કેમ્પના આયોજનની પૂર્વ તૈયારીનું સમયપત્રક | | |
|---|---|---|
| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત |
| 1 | તાઃ- ૨૪/૦૯/૨૦૨૪ થી તાઃ-૨૫/૦૯/૨૦૨૪ | ખાલી જગ્યાઓની માહિતી ઓનલાઈન એન્ટર કરવાની કામગીરી (જિલ્લા કક્ષાએ) |
| 2 | તાઃ-૨૬/૦૯/૨૦૨૪ થી તાઃ-૨૭/૦૯/૨૦૨૪ | પોર્ટલમાં ખાલી જગ્યાઓનું વેરિફિકેશન કરી પોર્ટલનું ટેસ્ટિંગ માટેનો સમયગાળો (નિયામક કચેરી કક્ષાએ) |

| કેમ્પના આયોજન અંગેના પ્રથમ તબક્કાનું સમયપત્રક | | |
|---|---|---|
| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત |
| 1 | તાઃ-૨૮/૦૯/૨૦૨૪ થી તાઃ-૩૦/૦૯/૨૦૨૪ | શિક્ષક/વિદ્યાસહાયક દ્વારા આંતરિક બદલીઓ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી (ઉમેદવાર દ્વારા) |
| 2 | તાઃ- ૦૧/૧૦/૨૦૨૪ થી તાઃ૦૩/૧૦/૨૦૨૪ | તાલુકા દ્વારા અરજી ફોર્મ વેરિફિકેશન કરી અને માન્ય/અમાન્યના કારણો સહિત જિલ્લા કક્ષાએ રજુ કરવાની કામગીરી (તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી દ્વારા) |
| 3 | તાઃ-૦૨/૧૦/૨૦૨૪ થી તાઃ-૧૦/૧૦/૨૦૨૪ | જિલ્લા કક્ષાએ અરજીઓની ચકાસણી કરી એપ્રુવલ કે રીજેક્ટ કરી લેખિત કારણો સહિત અરજદારને જાણ કરવાની અને એપ્રુવલ અરજીઓ અપલોડ કરવાની કામગીરી (જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી દ્વારા) |
| 4 | તાઃ-૧૧/૧૦/૨૦૨૪ થી તાઃ-૧૪/૧૦/૨૦૨૪ | રાજય કક્ષાએ વેરિફિકેશનની કામગીરી (નિયામક કચેરી કક્ષાએ) |
| 5 | તાઃ-૧૫/૧૦/૨૦૨૪ થી તાઃ-૧૬/૧૦/૨૦૨૪ | ઓર્ડર ઇશ્યૂ કરવાની કામગીરી |

## બાલવાટીકા થી ધો-૫નાં વધ ઘટ કેમ્પની વિગતો

| ક્રમ | જિલ્લા/નગરનું નામ | બાલવાટીકા થી ધો.૫ની કુલ વધ | વધ ઘટ દરમ્યાન બાલવાટીકા થી ધો-૫માં કુલ કેટલા સમાવ્યા | બાલવાટીકા થી ધો.૫ની લાયકાતવાળા ધો.૬ થી ૮માં કેટલા સમાવ્યા | | | | બાલવાટીકા થી ધો-૫નાં વધ ઘટ કેમ્પ પૂર્ણ થયા બાદ અન્ય જિલ્લામાં સમાવવાપાત્ર શિક્ષકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ભાષા | ગ.વિ. | સા.વિ. | કુલ | |
| | | | | | | | | |
| | | | | | | | | |

| ધો.૬ થી ૮નાં વધ ઘટ કેમ્પની વિગતો | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લા/નગરનું નામ | ધો.૬ થી ૮ ની કુલ વધ | | | | વધ ઘટ દરમ્યાન ધો.૬ થી ૮માં કેટલા સમાવ્યા | | | | ધો.૬ થી ૮ની લાયકાતવાળા બાલવાટીકા થી ધો.પમાં કેટલા સમાવ્યા. | | | | ધો.૬ થી ૮નાં વધ ઘટ કેમ્પ પૂર્ણ થયા બાદ અન્ય જિલ્લામાં સમાવવાપાત્ર શિક્ષકની સંખ્યા | | | |
| | | ભાષા | ગ.વિ. | સા.વિ. | કુલ | ભાષા | ગ.વિ. | સા.વિ. | કુલ | ભાષા | ગ.વિ. | સા.વિ. | કુલ | ભાષા | ગ.વિ. | સા.વિ. | કુલ |
| | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | |